# ગોધરા કેન્દ્ર દ્વારા રક્તદાન કેમ્પ

ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગોધરા (૧૬૦૧) કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે તા. 14/06/2019 ના રોજ રક્તદાન કેમ્પનું આયોજન કરાયું હતું. આ સેવાકીય સ્વૈચ્છિક રકતદાનમાં 19 યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી કેન્દ્રના સંયોજક પ્રા. અરુણસિંહ સોલંકીની અધ્યક્ષતામાં યોજાયેલ આ કેમ્પમાં શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડૉ. અનીલ સોલંકી, રેડક્રોસ સોસાયટી ગોધરાના માનદ ઉપપ્રમુખ કિશોરીલાલ ભાયાણી, લાયન્સ ક્લબ ગોધરાના પ્રમુખ ઈન્દ્રવદનભાઈ પરમાર અને કેન્દ્રના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ધ્યાનાર્હ બાબત એ છે કે અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગોધરા (૧૬૦૧) કેન્દ્રનો આ પાંચમો રક્તદાન કેમ્પ હતો. ગત વર્ષથી નિયમિત કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

